# ગુજરાત જાહેર સેવા આયોગ

**અગત્યની જાહેરાત**

**<u>જા.ક્ર ૧૨૧/૨૦૨૪–૨૫ અને જા.ક્ર ૧૨૨/૨૦૨૪–૨૫ ની સંબંધિત વિષયની પરીક્ષાની તારીખ બાબત</u>**

**જા.ક્ર ૧૨૨/૨૦૨૪–૨૫ નાયબ ખેતી નિયામક / જિલ્લા ખેતીવાડી અધિકારી, વર્ગ–૧ ની પરીક્ષા રદ કરવા તથા જા.ક્ર ૧૨૧/૨૦૨૪–૨૫ મદદનીશ ખેતી નિયામક, વર્ગ–૨ ની પરીક્ષા મુલ્તવી રાખવા બાબત અગત્યની સૂચના**

તા.૨૭.૦૫.૨૦૨૫ ના રોજ લેવામાં આવેલ જા.ક્ર ૧૨૨/૨૦૨૪–૨૫ નાયબ ખેતી નિયામક / જિલ્લા ખેતીવાડી અધિકારી, વર્ગ–૧ ની પરીક્ષા અંગે તા.૨૮.૦૫.૨૫ ના રોજ ઉમેદવારોએ આવીને એવી રજૂઆત કરેલ છે કે, આ પરીક્ષામાં પૂછાયેલ મોટાભાગના પ્રશ્નો પુસ્તક–૧ Fundamentals of Agriculture Volume-1 તથા પુસ્તક–૨. Fundamentals of Agriculture Volume-2 માં આપેલા હેતુલક્ષી પ્રશ્નોમાંથી પૂછવામાં આવેલ છે.

ઉમેદવારોની ઉક્ત રજૂઆતની ચકાસણી કરતાં, તેમાં તથ્ય જણાયેલ હોઇ, જુદા જુદા સ્ત્રોતોથી તૈયારી કરતાં તમામ ઉમેદવારોને એકસરખી તક મળે તે હેતુથી, આ પરીક્ષા રદ કરવામાં આવે છે.

આગામી તા.૩૧.૦૫.૨૫ ના રોજ લેવાનાર જા.ક્ર ૧૨૧/૨૦૨૪–૨૫ મદદનીશ ખેતી નિયામક, વર્ગ–૨ ની પરીક્ષામા પણ સમાન અભ્યાસક્રમ હોઇ, તેમાં પણ જુદા જુદા સ્ત્રોતોથી તૈયારી કરતા ઉમેદવારોને સ્પર્ધાની સરખી તક મળે તે હેતુથી આ પરીક્ષા પણ મુલત્વી રાખવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

હવે પછી આ બન્ને ભરતી માટે એટલેકે **<u>જા.ક્ર ૧૨૨/૨૦૨૪–૨૫ નાયબ ખેતી નિયામક / જિલ્લા ખેતીવાડી અધિકારી, વર્ગ–૧ તથા જા.ક્ર ૧૨૧/૨૦૨૪–૨૫ મદદનીશ ખેતી નિયામક, વર્ગ–૨ માટે સંબંધિત વિષયની એક જ પરીક્ષા સંયુક્ત રીતે તા. ૨૮.૦૮.૨૫ ના રોજ યોજવામાં આવશે</u>** અને તેમાં બન્ને જાહેરાતમા ઉમેદવારી નોંધાવેલ હોય તેવા ઉમેદવારોએ મેળવેલ ગુણ બન્ને ભરતીમાં ધ્યાને લેવામાં આવશે.

**તા.૨૯.૦૫.૨૦૨૫**

**સંયુક્ત સચિવ**

**ગુજરાત જાહેર સેવા આયોગ**